અબતક

'રાજકોટ આવૃત્તિ'

પેજ નં: 12

તારીખ: 07/12/2024



પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

# અબતક

સાંધ્ય દૈનિક

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ડો. બાબાસાહેબની પુણ્યતિથિ નિમિતે અપાય ભાવાંજલી

## પુષ્પાજંલી, પુસ્તક પ્રદર્શન અને સંગોષ્ઠી દ્વારા મહામાનવને યાદ કરાયા

**અબતક, રાજકોટ**

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ભારતીય બંધારણના ઘડવૈયા ભારતરત્ન, મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકરજીના નિર્વાણ દિન નિમિત્તે યુનિવર્સિટી પરિસરમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. અમીબહેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટી પરિસરમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને યુનિવર્સિટી પરિવારના તમામ કર્મચારીઓ દ્વારા ભાવાંજલિ-પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. યુનિ.ના વિવેકાનંદ ગ્રંથાલય ખાતે ડો. આંબેડકરજીના પુસ્તકોનું પ્રદર્શન તેમજ લેખક તથા આંબેડકરવિદ્ કિશોર મકવાણા લિખિત 'રાષ્ટ્રપુરુષ ડો. બાબાસાહેબ આંબેડકર' પુસ્તક યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. અમીબહેન ઉપાધ્યાય દ્વારા યુનિ. કર્મચારીઓને ભેટ આપવામાં આવ્યું હતું.

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કર્ણાવતી મહાનગરના સંયુક્ત ઉપક્રમે સંગોષ્ઠીઆ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના ડાયરેક્ટર ડો. સંજય પટેલ દ્વારા ડો. આંબેડકરજીના સમાજ-રાષ્ટ્ર ઉત્થાન માટે સકારાત્મક કર્યો વિશે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના હીમાલયસિંહ ઝાલાએ ડો. બાબાસાહેબજી એ સમાજ માટે કરેલા કર્યો, રાષ્ટ્રને ગુલામીમાંથી મુક્ત કેવી રીતે કરી શકાય? જાતિ - જ્ઞાતિના વાડાઓમાંથી સમાજને બહાર કેવી રીતે લાવી શકાય? સમરસતા કેવી રીતે સ્થાપી શકાય? ભારતીય બંધારણ તેયાર કરવામાં તેમની ભૂમિકા આ તમામ બાબતોને

**(અનું. આઠમાં પાને)**

(૧૨માં પાનાનું ચાલુ)

## ડૉ. બાબાસાહેબ આંડબોડકર

ભારતીય સંસ્કૃતિ, ભારતીય પરંપરાના ઉત્તમ ઉદાહરણો સાથે તેમના વિચારો રજૂ કર્યાં હતા.

કુલપતિ અમીબહેન ઉપાધ્યાયએ જણાવ્યું હતું. કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર તેમનો વૈચારિક અભિગમ રાષ્ટ્રીય નિર્માણ માટે ખુબ જ મહત્ત્વનો છે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના શાસા મંડળના સદસ્ય યતિનભાઈ પટેલ, ના કુલસચિવ એ. કે. જાડેજા, હિમાલયસિંહ ઝાલા, ધ્રુમીલભાઈ અખાણી વિભાગ સંગઠન મંત્રી કુમારી મયુરી બા ઝાલાએ ઉપસ્થિત રહી, ડૉ. બાબાસાહેબ આંબેડકરજી પ્રત્યે આદર અને ભાવ વ્યક્ત કર્યો